# NATWARLAL K. PATEL

**B.Com., LL.B., Advocate**

E.NO. G/425/1977. GAWF NO. AM/GRT/21251 Date:- 14/07/2005

**Office**:- 324 to 326, 3rd Floor, "SHUKAN MALL", Nr. Visat Petrol Pump,Sabarmati, Ahmedabad - 380005.
**Ph.** : 079-27500560, **Mo.** : 9558026999, Email :- nkpatel1953@gmail.com


**Date : 07/03/2022**

## <u>સર્ચ રીપોર્ટ</u>

પ્રતિ,

**"કાપડીયા કોર્પોરેશન"**
ઓફીસઃ-બેઝમેન્ટ-૩,આકાર કોમ્પલેક્ષ,
ગીતાંજલી શોપીંગ સેન્ટરની બાજુમા,
દર્પણ પાંચ રસ્તા,નવરંગપુરા, અમદાવાદ.

N. K. PATEL * ADVOCATE * G/425/1977

**બાબતઃ-** રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ ડીસ્ટ્રીકટ અમદાવાદ શહેર વિભાગ-૩ (મેમનગર) ના તાલુકે સાબરમતીના મોજે શેખપુર-ખાનપુર ઉર્ફે નવરંગપુરા ગામની સીમના સર્વે નં.૧૮૪/૧-૨ તથા સર્વે નં. ૧૭૯/૨ ની જમીનના ટી.પી.સ્કીમ નં. ૧૯ ના ફા.પ્લોટ નં.૨૫૪ ની જમીનના સબ પ્લોટ નં.૦૨ ની ૫૦૫.૮૩ સ.ચો.મીટર બીનખેતીના ઉપયોગવાળી જમીન પૈકીના હાલના સીટી સર્વેના રેકર્ડ મુજબ ટી.પી.સ્કીમ નં.૧૯(મેમનગર) ના ફા.પ્લોટ નં.૨૫૪ પૈકીના એકત્ર સીટી સર્વે નં. ૪૪૯૯ ( જુના સીટી સર્વે નં. ૪૪૯૯, ૪૫૦૦, ૪૫૦૦/૧, ૪૫૦૦/૨,૪૫૦૦/૩, ૪૫૦૧, ૪૫૦૨, ૪૫૦૨/૧, ૪૫૦૨/૨ તથા ૪૫૦૩/૩) ની ૫૦૬.૯૮ સ.ચો.મીટર રહેણાંક હેતુ **<u>માટેની બીનખેતીના ઉપયોગવાળી જમીન અંગેનો સર્ચ રીપોર્ટ</u>**

આપની સુચનાથી અમોએ મોજે શેખપુર-ખાનપુર ઉર્ફે નવરંગપુરા ગામની સીમના સર્વે નં. ૧૮૪/૧-૨ તથા સર્વે નં.૧૭૯/૨ ની જમીનના ટી.પી.સ્કીમ નં. ૧૯ ના ફા.પ્લોટ નં.૨૫૪ ની જમીનના સબ પ્લોટ નં.૦૨ ની ૫૦૫.૮૩ સ.ચો.મીટર બીનખેતીના ઉપયોગવાળી જમીન પૈકીના હાલના સીટી સર્વેના રેકર્ડ મુજબ ટી.પી.સ્કીમ નં.૧૯(મેમનગર) ના ફા.પ્લોટ નં.૨૫૪ પૈકીના એકત્ર સીટી સર્વે નં. ૪૪૯૯ (જુના સીટી સર્વે નં. ૪૪૯૯, ૪૫૦૦ ,૪૫૦૦/૧, ૪૫૦૦/૨,૪૫૦૦/૩, ૪૫૦૧, ૪૫૦૨, ૪૫૦૨/૧,૪૫૦૨/૨ તથા ૪૫૦૩/૩) ની ૫૦૬.૯૮ સ.ચો.મીટર રહેણાંક હેતુ માટેની બીનખેતીના ઉપયોગવાળી જમીન અંગેનુ ટાઈટલ્સ ક્લીયરન્સ સર્ટીફીકેટ મેળવવા માટે અગાઉના જમીન માલીકો

કાગળો,દસ્તાવેજો,એન્ટ્રીઓ તથા સર્ચના આધારે સદર સર્વે નંબરની જમીન અંગેનો સર્ચ રીપોર્ટ અમારા માનવા અને જાણવા પ્રમાણે અમો નીચે પ્રમાણે આપીએ છીએ.

**સદર ફ્લેટ નં.૦૧ ની વિગત**

(૧)..મજકુર શેખપુર-ખાનપુર ગામની સીમના સર્વે નં. ૧૭૯/૨ તથા સર્વે નં.૧૮૪ ની જુની શરતની ખેતીની જમીન પ્રથમ શ્રી ભુપતરામ વનમાળીદાસની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટામા આવેલી હતી.વધુમા મજકુર શ્રી ભુપતરામ વનમાળીદાસને બે પુત્રો નામે શ્રી સોમનાથ ભુપતરામ તથા શ્રી મોતીરામ ભુપતરામ સિવાય બીજા કોઈ જ વારસદારોમા સંતતી ન હતી.

(૨)..ત્યારબાદ મજકુર શ્રી ભુપતરામ વનમાળીદાસની હયાતીમા તેમના દિકરા શ્રી સોમનાથ ભુપતરામનુ સને ૧૯૨૦ ની સાલના અરસામા અવસાન થવાથી સદર શ્રી ભુતરામ વનમાળીદાસના મજીયારામા સ્વ.શ્રી સોમનાથ ભુપતરામના વારસદારો તરીકે બાઈ શીવકોર તે સોમનાથ ભુપતરામની વિધવા પત્ની તથા લીલાવતી તે સોમનાથ ભુપતરામની દિકરી સિવાય વારસદારોમા બીજા કોઈ જ દિકરા કે દિકરી ન હતા.વધુમા મજકુર લીલાવતી તે સોમનાથ ભુપતરામની દિકરીના લગ્ન થયેલા.

(૩)..ત્યારબાદ બાઈ શીવકોર તે સોમનાથ ભુપતરામની પત્નીનુ અવસાન થયેલુ.

(૪)..ત્યારબાદ શ્રી ભુપતરામ વનમાળીદાસનુ તા.૧૦/૦૩/૧૯૨૬ ના રોજ અવસાન થવાથી તેમના વારસદાર શ્રી મોતીરામ ભુપતરામ હતા પરંતુ મજકુર શ્રી મોતીરામ ભુપતરામનુ પણ તા.૧૯/૧૦/૧૯૪૨ ના રોજ બીનવસીયતે અવસાન થયેલુ.જેથી મજકુર શ્રી મોતીરામ ભુપતરામના અવસાન સમયે તેમની બે વિધવા પત્નીઓ નામે જીવકોર તે મોતીરામ ભુપતરામની પત્ની તથા ગોમતી તે મોતીરામ ભુપતરામની પત્ની સિવાય વારસદારોમા બીજા કોઈ જ દિકરા કે દિકરીઓ ન હતા.

(૫)..ત્યારબાદ મજકુર બાઈ જીવકોર તે મોતીરામ ભુપરામની વિધવા ઓરતે એકશ્રી નારણભાઈને તા.૦૪/૦૪/૧૯૪૯ ના રોજ મોતીરામ ભુપતરામના દત્તક દિકરા તરીકે દત્તક લીધેલા.મજકુર દત્તક વિધાનનો દસ્તાવેજ અમદાવાદના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમા અનુક્રમ નં.૧૪૯૭ થી તે જ તારીખે ચોથા નંબરની બુકમા નોંધવામા આવેલો છે.

(૬)..ત્યારબાદ મરહુમ શ્રી મોતીરામ ભુપતરામની મીલ્કત બાબતે મજકુર બાઈ જીવકોર તે મોતીરામ ભુપરામની વિધવા તથા મજકુર નારણભાઈ મોતીરામે બાઈ ગોમતી તે મોતીરામની ભુપતરામની વિધવા ઓરત વિગેરે વિરૂધ્ધ અમદાવાદના મે.સેકન્ડ જોઈન્ટ સીવીલ જજ (જુ.ડી.) સાહેબની કોર્ટમા દિ.મુ.નં.૫૮૮/૧૯૫૧ થી તા.૧૭/૦૪/૧૯૫૧ ના રોજ દાવો દાખલ કરેલો.જેથી મજકુર દાવામા તા.૨૯/૦૯/૧૯૫૧ ના રોજ નામદાર કોર્ટ દ્વારા હુકમનામુ કરવામા આવેલુ અને મજકુર હુકમનામાની રૂઈએ મજકુર નારણભાઈ તે સ્વ.મોતીરામના દત્તક દિકરા તરીકે મજકુર બાઈ જીવકોર દત્તક લીધેલા તે

(૭)..ત્યારબાદ સ્વ.મોતીરામ ભુપતરામની મીલ્કતમા બાઈ શીવકોર તે સોમનાથ ભુપરામની વિધવાનો ખોરાકી પોષાકી વિગેરેનો હકક હતો તે હકક અંગેનો તા.૧૮/૦૮/૧૯૫૫ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ રીલીઝનો દસ્તાવેજ મજકુર શીવકોર તે સોમનાથ ભુપતરામની વિધવાએ શ્રી નારણભાઈ મોતીરામ વિગેરેની તરફેણમા કરી આપેલો.મજકુર રીલીઝનો દસ્તાવેજ અમદાવાદના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૩૭૧૨ થી તે જ તારીખે ૧ નંબરની બુકમા નોંધાવેલ છે.

(૮)..ત્યારબાદ મજકુર સર્વે નં.૧૭૯/૨ તથા સર્વે નં.૧૮૪ વાળી જમીનોને ટાઉન પ્લાનીંગ સ્કીમ નં.૧૯ મા આવરી લઈ સુચિત ફા.પ્લોટ નં.૧૭૯ ફાળવવાનુ નકકી કરેલુ.જેથી મજકુર જમીનના માલીક શ્રી નારણભાઈ મોતીરામે સદર ફા.પ્લોટ પ્રમાણેની જમીનમા રસ્તાઓ રાખી અલગ અલગ કુલે- ૦૧ થી ૧૧ સબ પ્લોટો પાડેલા અને સદર સબ પ્લોટોના લે-આઉટ પ્લાન અમદાવાદ મ્યુની.કોર્પોરેશનના મે.કમીશ્નર સાહેબે તેમના પત્ર ક્રમાંક નં.બીએનએસ-૫૮/૭ થી તા.૦૫/૧૨/૧૯૫૯ ના રોજ મંજુર કરેલા અને સદર મંજુર થયેલા લે-આઉટ પ્લાન મુજબ તેની નોંધ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટસમા એન્ટ્રી નં.૨૨૫૩ થી તા.૨૧/૦૧/૧૯૬૦ ના રોજ કરી સદર એન્ટ્રી લાગતા વળગતા અધિકારી દ્રારા પ્રમાણીત કરવામા આવેલી.

(૯)..ત્યારબાદ મજકુર સર્વે નં.૧૭૯/૨ તથા સર્વે નં.૧૮૪ ની જમીનના ટી.પી.સ્કીમ નં.૧૯ ના ફા.પ્લોટ નં.૧૭૯ ના સબ પ્લોટ નં.૦૨ ની ૬૦૭ સ.ચો. વાર જમીન તેના માલીક શ્રી નારણભાઈ મોતીરામે એકશ્રી રમેશચંદ્ર નટવરલાલ પટેલ તથા શ્રી વિનુભાઈ નટવરલાલ પટેલને તા. ૩૦/૦૩/૧૯૬૪ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ બક્ષીસ પત્રનો દસ્તાવેજ કરી આપી બક્ષીસ આપેલી.મજકુર બક્ષીસ પત્રનો દસ્તાવેજ અમદાવાદના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૨૪૮૦ થી તે જ તારીખે બુક નં.૧ મા નોંધવામા આવેલ છે.મજકુર બક્ષીસ લેખની રૂઈએ મજકુર સર્વે નં.૧૭૯/૨ તથા સર્વે નં.૧૮૪ ની જમીનના રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમા એન્ટ્રી નં.૩૦૦૭ થી તા. ૨૧/૦૬/૧૯૬૪ ના રોજ શ્રી રમેશચંદ્ર નટવરલાલ પટેલ તથા શ્રી વિનુભાઈ નટવરલાલ પટેલના સંયુકત નામ દાખલ કરી સદર એન્ટ્રી તા.૧૪/૦૮/૧૯૬૪ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્રારા પ્રમાણીત કરવામા આવેલી.

(૧૦)..ત્યારબાદ મજકુર ટી.પી.સ્કીમ નં.૧૯ અનુસાર સદર જમીનને સુચિત ફા.પ્લોટ નં.૧૭૯ આપવામા આવેલો.પરંતુ પાછળથી સદર નંબરોમા ફેરફાર થયેલા અને સદર ટી.પી.સ્કીમ નં.૧૯ ફાઈનલ થયા અનુસાર અગાઉ જે ફા.પ્લોટ નંબર આપવામા આવેલા તેની રૂઈએ સદર સબ પ્લોટ નં.૦૧ ની ૬૨૭ સ.ચો.વાર તથા સબ પ્લોટ નં.૦૨ ની ૬૦૭ સ.ચો.મીટર જમીન મળી કુલે-૧૨૩૪ સ.ચો.વાર જમીનને ફા.પ્લોટ નં.૨૫૪ આપવામા આવેલો અને ત્યારથી સદર ફા.પ્લોટ નં. ૨૫૪ પૈકીની ૬૦૭ સ.ચો.વાર જમીનનો સંયુકત માલીક તરીકે કબજો ભોગવટો શ્રી રમેશચંદ્ર નટવરલાલ પટેલ તથા શ્રી વિનુભાઈ નટવરલાલ પટેલ કરતા આવેલા.

પટેલે તા.૦૬/૧૧/૧૯૮૦ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અમદાવાદના મે.જોઈન્ટ સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ નવો અનુક્રમ નં.૮૭૩૪/૧૯૮૧ થી તા.૧૪/૦૭/૧૯૮૧ ના રોજ (જુનો અનુક્રમ નં.૧૪૭૧૫ થી તા.૦૬/૧૧/૧૯૮૦ ના રોજ) નોંધાવી કુલ અભરામ ન દાવે અઘાટ વેચાણ રાખેલી.મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ મજકુર જમીનના રેકર્ડમા કબજેદારના કોલમમા મંગળાબેન અમૃતલાલ પટેલનુ સ્વતંત્ર નામ એન્ટ્રી નં.૬૧૭૨ થી દાખલ કરી સદર એન્ટ્રી લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૧૨)..ત્યારબાદ મજકુર ફા.પ્લોટ નં.૨૫૪ પૈકીના સબ પ્લોટ નં.૦૨ ની ૬૦૭ સ.ચો.વાર જમીન પૈકી વગર વહેચાયેલ ૧/૬ મા ભાગની જમીન તથા સદર પ્લોટની જમીનમા જે ફલેટોનુ બાંધકામ કરવામા આવે તે ફલેટો પૈકી દક્ષિણ દિશા તરફના ફસ્ટ ફલોર ઉપર આવેલ સુચિત ફલેટ નં.૦૨ ની મીલ્કત અંગે પ્લાન મુજબ બક્ષીસ લેનારે તેમના ખર્ચે બાંધકામ કરવાની શરતે સદર જમીનના માલીકો શ્રી રમેશચંદ્ર નટવરલાલ પટેલ તથા શ્રી વિનુભાઈ નટવરલાલ પટેલે શ્રી સુરેશચંદ્ર નટવરલાલ પટેલને તા.૦૬/૧૧/૧૯૮૦ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ બક્ષીસ દસ્તાવેજ અમદાવાદના મે.જોઈન્ટ સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ નવો અનુક્રમ નં.૮૭૩૫/૧૯૮૧ થી તા.૧૪/૦૭/૧૯૮૧ ના રોજ (જુનો અનુક્રમ નં.૧૪૭૧૩ થી તા.૦૬/૧૧/૧૯૮૦ ના રોજ) નોંધાવી કુલ અભરામ ન દાવે અઘાટ બક્ષીસ આપેલી.મજકુર બક્ષીસ દસ્તાવેજની રૂઈએ મજકુર જમીનના રેકર્ડમા કબજેદારના કોલમમા શ્રી સુરેશચંદ્ર નટવરલાલ પટેલનુ સ્વતંત્ર નામ એન્ટ્રી નં.૬૧૬૯ થી દાખલ કરી સદર એન્ટ્રી લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૧૩)..ત્યારબાદ મજકુર ફા.પ્લોટ નં.૨૫૪ પૈકીના સબ પ્લોટ નં.૦૨ ની ૬૦૭ સ.ચો.વાર જમીન પૈકી વગર વહેચાયેલ ૧/૬ મા ભાગની જમીન તથા સદર પ્લોટની જમીનમા જે ફલેટોનુ બાંધકામ કરવામા આવે તે ફલેટો પૈકી દક્ષિણ દિશા તરફના ફસ્ટ ફલોર ઉપર આવેલ સુચિત ફલેટ નં.૦૪ ની મીલ્કત અંગે પ્લાન મુજબ બક્ષીસ લેનારે તેમના ખર્ચે બાંધકામ કરવાની શરતે સદર જમીનના માલીકો શ્રી રમેશચંદ્ર નટવરલાલ પટેલ તથા શ્રી વિનુભાઈ નટવરલાલ પટેલે નીલાબેન સુરેશકુમાર પટેલને તા.૨૨/૧૦/૧૯૮૧ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ બક્ષીસ દસ્તાવેજ અમદાવાદના મે.જોઈન્ટ સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૧૨૭૪૪ થી તે જ તારીખે બુક નં.૦૧ મા નોંધાવી કુલ અભરામ ન દાવે અઘાટ બક્ષીસ આપેલી.મજકુર બક્ષીસ દસ્તાવેજની રૂઈએ મજકુર જમીનના રેકર્ડમા કબજેદારના કોલમમા નીલાબેન સુરેશકુમાર પટેલનુ સ્વતંત્ર નામ એન્ટ્રી નં.૬૨૬૧ થી દાખલ કરી સદર એન્ટ્રી લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૧૪)..ત્યારબાદ મજકુર ફા.પ્લોટ નં.૨૫૪ પૈકીના સબ પ્લોટ નં.૦૨ ની ૬૦૭ સ.ચો.વાર જમીન પૈકી વગર વહેચાયેલ ૧/૬ મા ભાગની જમીન તથા સદર પ્લોટની જમીનમા જે ફલેટોનુ બાંધકામ કરવામા આવે તે ફલેટો પૈકી દક્ષિણ દિશા તરફના સેકન્ડ ફલોર ઉપર આવેલ સુચિત ફલેટ નં.૦૫ ની મીલ્કત અંગે પ્લાન મુજબ વેચાણ લેનારે તેમના ખર્ચે બાંધકામ કરવાની શરતે સદર જમીનના માલીકો

કોલમમા કાંતાબેન વિઠ્ઠલદાસ પટેલનુ સ્વતંત્ર નામ એન્ટ્રી નં.૬૧૭૩ થી દાખલ કરી સદર એન્ટ્રી લાગતા વળગતા અધિકારી દ્રારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૧૫)..ત્યારબાદ મજકુર ફા.પ્લોટ નં.૨૫૪ પૈકીના સબ પ્લોટ નં.૦૨ ની ૬૦૭ સ.ચો.વાર જમીન પૈકી વગર વહેચાયેલ ૧/૬ મા ભાગની જમીન તથા સદર પ્લોટની જમીનમા જે ફલેટોનુ બાંધકામ કરવામા આવે તે ફલેટો પૈકી દક્ષિણ દિશા તરફના થર્ડ ફલોર ઉપર આવેલ સુચિત ફલેટ નં.૦૬ ની મીલ્કત અંગે પ્લાન મુજબ વેચાણ લેનારે તેમના ખર્ચે બાંધકામ કરવાની શરતે સદર જમીનના માલીકો શ્રી રમેશચંદ્ર નટવરલાલ પટેલ તથા શ્રી વિનુભાઈ નટવરલાલ પટેલ પાસેથી શ્રી અશોકકુમાર કેશવલાલ મહેતાએ તા.૨૨/૧૦/૧૯૮૧ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અમદાવાદના મે.જોઈન્ટ સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૧૨૭૪૬ થી તે જ તારીખે બુક નં.૦૧ મા નોંધાવી કુલ અભરામ ન દાવે અધાટ વેચાણ રાખેલી.મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ મજકુર જમીનના રેકર્ડમા કબજેદારના કોલમમા શ્રી અશોકકુમાર કેશવલાલ મહેતાનુ સ્વતંત્ર નામ એન્ટ્રી નં.૬૧૭૪ થી દાખલ કરી સદર એન્ટ્રી લાગતા વળગતા અધિકારી દ્રારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૧૬)..ત્યારબાદ મજકુર ફા.પ્લોટ નં.૨૫૪ પૈકીના સબ પ્લોટ નં.૦૨ ની ૬૦૭ સ.ચો.વાર જમીન પૈકી વગર વહેચાયેલ ૧/૬ મા ભાગની જમીન તથા સદર પ્લોટ નં.૦૨ ની જમીનમા જે ફલેટોનુ બાંધકામ કરવામા આવે તે ફલેટો પૈકી ઉત્તર દિશા તરફના ફસ્ટ ફલોર ઉપર આવેલ સુચિત ફલેટ નં.૦૧ ની મીલ્કત અંગે પ્લાન મુજબ શ્રી રમેશચંદ્ર નટવરલાલ પટેલે તેમના ખર્ચે બાંધકામ કરવાની શરતે તથા મજકુર ફા.પ્લોટ નં.૨૫૪ પૈકીના સબ પ્લોટ નં.૦૨ ની ૬૦૭ સ.ચો.વાર જમીન પૈકી વગર વહેચાયેલ ૧/૬ મા ભાગની જમીન તથા સદર પ્લોટ નં.૦૨ ની જમીનમા જે ફલેટોનુ બાંધકામ કરવામા આવે તે ફલેટો પૈકી ઉત્તર દિશા તરફના સેકન્ડ ફલોર ઉપર આવેલ સુચિત ફલેટ નં.૦૨ ની મીલ્કત અંગે પ્લાન મુજબ શ્રી વિનુભાઈ નટવરલાલ પટેલે તેમના ખર્ચે બાંધકામ કરવાની શરતે તેઓએ તા.૨૨/૧૦/ ૧૯૮૧ ના રોજ તે બાબતેનો રીતસરનો રજીસ્ટર્ડ વહેંચણી પત્રનો દસ્તાવેજ કરેલો.મજકુર વહેંચણી પત્રનો દસ્તાવેજ અમદાવાદના મે.જોઈન્ટ સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૧૨૭૪૮ થી તે જ તારીખે બુક નં.૦૧ મા નોંધવામા આવેલો.મજકુર વહેંચણી પત્રના દસ્તાવેજની રૂઈએ મજકુર જમીનના રેકર્ડમા કબજેદારના કોલમમા વગર વહેચાયેલ ૧/૬ મા ભાગની જમીન શ્રી રમેશચંદ્ર નટવરલાલ પટેલ તથા વગર વહેચાયેલ ૧/૬ મા ભાગની જમીન શ્રી વિનુભાઈ નટવરલાલ પટેલના સ્વતંત્ર નામે એન્ટ્રી નં.૬૧૭૧ થી દાખલ કરી સદર એન્ટ્રી લાગતા વળગતા અધિકારી દ્રારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૧૭)..મજકુર ફા.પ્લોટ નં.૨૫૪ ના સબ પ્લોટ નં.૦૨ ની ૫૦૫.૮૩ સ.ચો.મીટર જમીનમા રહેણાંક હેતુ માટે બીનખેતીનો ઉપયોગ કરવા માટેની પરવાનગી મે.નાયબ કલેકટર સાહેબ,એન.એ.શાખા,અમદાવાદે તેમના હુકમ નં.એન.એ.એસ.આર./૫૬/૮૦-૮૧ થી તા.૧૬/ ૧૨/૧૯૮૦ ના રોજ આપેલી છે.

બી/૧૯/૫૨૦/૮૧ થી તા.૧૬/૦૮/૧૯૮૦ ના રોજ મંજુર કરી બાંધકામ શરૂ કરવા માટેની રજાચિઠ્ઠી નં.૮૧ થી તે જ તારીખે આપેલી.જેની રૂઈએ સદર જમીન ઉપર દરેક ફલોર ઉપર સુચિત ફલેટના માલીકોએ પોત પોતાના ખર્ચે બાંધકામ શરૂ કરી કરાવી પુર્ણ કરાવેલુ છે.ત્યારબાદ સદર કુલે- ૦૬ ફલેટોનુ બાંધકામ પુર્ણ કરાવ્યા બાદ મજકુર તમામ ફલેટોના માલીકોએ સદર ફલેટોમા રહેણાંકના હેતુ માટેનો ઉપયોગ કરવા માટેની બી.યુ.પરવાનગી અમદાવાદ મ્યુની.કોર્પોરેશનની કચેરીના નગર વિકાસ અધિકારી વોર્ડ નં.૦૩ માંથી તા.૨૯/૧૦/૧૯૮૩ ના રોજ મેળવેલ છે.

(૧૯)..ત્યારબાદ મે.સીટી સુપ્રિટેન્ડન્ટ સાહેબ નં.૩ ના પત્ર નં.સીટીએસ/વશી/ટી.પી.એસ./૩-૩-૪/૦૬-૦૭ ના તા.૦૪/૧૦/૨૦૦૬ ના રોજના હુકમથી મોજે શેખપુર-ખાનપુરનુ ટી.પી.સ્કીમ નં.૩/૩/૪ નુ સીટી સર્વેનુ રેકર્ડ તૈયાર થઈ પ્રમોલગેશન થઈ ગયેલ હોઈ તેમા સમાવિષ્ટ થતા બીનખેતીના **LRC** ની કલમ-૧૨૬ હેઠળના ફા.પ્લોટનુ ૭/૧૨ નુ રેકર્ડ બંધ કરવા પત્ર સાથે જીલ્લા કલેકટરશ્રી અમદાવાદના તા.૦૮/૦૬/૧૯૮૦ ના જાહેરનામા ક્રમાંક-ઉ.મ.ક.અ./સીબી/એસ/આર થી તા.-/૦૧/૧૯૮૦ તથા તે સાથે સમાવિષ્ટ થયેલ બીનખેતીના ફા.પ્લોટની યાદી રજુ થતા અત્રેથી સદર ફા.પ્લોટનુ ૭/૧૨ નુ રેકર્ડ આ વિસ્તાર સીટી સર્વે વિસ્તારમા જવાથી બાકી તથા ચાલુ માગણા સહીત કમી કરવા જાહેરનામા સાથેના આધારે તથા ૭/૧૨ ના રેકર્ડમા સીટી સર્વે લીમીટમા જવાથી કમીની નોંધ મજકુર જમીનના રેકર્ડમા એન્ટ્રી નં.૯૪૯૭ થી તા.૦૬/૧૦/૨૦૦૬ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૦૭/૧૧/૨૦૦૬ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૨૦) ... ત્યારબાદ મજકુર જમીન ઉપર આવેલ **"નવરંગ એપાર્ટમેન્ટ"** એ નામથી ઓળખાતી ફલેટોની યોજનામા આવેલ ફલેટો પૈકી **ફસ્ટ** ફલોર ઉપર આવેલ ફલેટ નં.**૦૧** ને હાલ સીટી સર્વેના રેકર્ડ મુજબ ટી.પી.સ્કીમ નં.૧૯(મેમનગર) ના ફા.પ્લોટ નં.૨૫૪ પૈકીના સીટી સર્વે નં.**૪૫૦૨-૧** ની **૮૭.૩૫** સ.ચો.મીટર "સી" સત્તા પ્રકારની જમીન શ્રી રમેશચંદ્ર નટવરલાલ પટેલના સ્વતંત્ર નામે ધારણ કરનાર તરીકે દાખલ કરવામા આવેલી છે.

## સદર ફલેટ નં.૦૨ ની વિગત

(૨૧).. તેજ પ્રમાણે મજકુર જમીન ઉપર આવેલ **"નવરંગ એપાર્ટમેન્ટ"** એ નામથી ઓળખાતી ફલેટોની યોજનામા આવેલ ફલેટો પૈકી **ફસ્ટ** ફલોર ઉપર આવેલ ફલેટ નં.**૦૨** ને હાલ સીટી સર્વેના રેકર્ડ મુજબ ટી.પી.સ્કીમ નં.૧૯(મેમનગર) ના ફા.પ્લોટ નં.૨૫૪ પૈકીના સીટી સર્વે નં.**૪૫૦૦/I** ની **૮૭.૩૫** સ.ચો.મીટર "સી"સત્તા પ્રકારની જમીન શ્રી સુરેશચંદ્ર નટવરલાલ પટેલનુ તા.૨૫/૦૪/૨૦૨૧ ના રોજ તથા તેમના પત્ની નીલાબેન સુરેશચંદ્ર પટેલનુ તા.૧૩/૦૪/૨૦૨૧ ના રોજ બીનવસીયતે અવસાન થવાથી વારસાઈ હકકની રૂઈએ તેમના કાયદેસરના સીધી લીટીના એક માત્ર વારસદાર તરીકે કિન્નરીબેન તે સુરેશચંદ્ર પટેલની દિકરી તે મેહુલભાઈ પટેલના પત્ની સિવાય બીજા કોઈ જ વારસદારોમા પુત્રો કે પુત્રીઓ કે મરહુમ પુત્રો કે પુત્રીઓની સંતતી ન હોઈ કિન્નરીબેન તે સુરેશચંદ્ર પટેલની દિકરી તે મેહુલભાઈ પટેલના પત્નીનુ સ્વતંત્ર નામ સીટી સર્વેના રેકર્ડમા દાખલ કરવા

## સદર ફલેટ નં.૦૩ ની વિગત

(૨૨)... તેજ પ્રમાણે મજકુર જમીન ઉપર આવેલ **"નવરંગ એપાર્ટમેન્ટ"** એ નામથી ઓળખાતી ફલેટોની યોજનામા આવેલ ફલેટો પૈકી **સેકન્ડ** ફલોર ઉપર આવેલ ફલેટ નં.૦૩ ને હાલ સીટી સર્વેના રેકર્ડ મુજબ ટી.પી.સ્કીમ નં.૧૯(મેમનગર) ના ફા.પ્લોટ નં.૨૫૪ પૈકીના સીટી સર્વે નં.**૪૫૦૨/II** ની **૮૭.૩૫** સ.ચો.મીટર "સી" સત્તા પ્રકારની જમીન પિતાશ્રી વિનુભાઈ નટવરલાલ પટેલના સ્વતંત્ર નામે ધારણ કરનાર તરીકે દાખલ કરવામા આવેલી.

(૨૩)..ત્યારબાદ મજકુર વગર વહેચાયેલ જમીન સહીતની મીલ્કતના માલીક શ્રી વિનુભાઈ નટવરલાલ પટેલનુ તા.૦૨/૦૩/૨૦૧૩ ના રોજ બીનવસીયતે અવસાન થવાથી વારસાઈ હકકની રૂઈએ તેમના કાયદેસરના સીધી લીટીના વારસદારો તરીકે પ્રવિણાબેન વિનુભાઈ પટેલ (પત્ની) તથા મનીષાબેન વિનુભાઈ પટેલ (પુત્રી) તથા શ્રી ડીમ્પલભાઈ વિનુભાઈ પટેલ (પુત્ર)સિવાય વારસદારોમા બીજા કોઈ જ પુત્રો કે પુત્રીઓ કે મરહુમ પુત્રો કે પુત્રીઓની સંતતી ન હોઈ વારસાઈ હકકની રૂઈએ પ્રવિણાબેન વિનુભાઈ પટેલ (પત્ની) તથા મનીષાબેન વિનુભાઈ પટેલ (પુત્રી) તથા શ્રી ડીમ્પલભાઈ વિનુભાઈ પટેલ (પુત્ર)ના સંયુકત નામ સીટી સર્વેના રેકર્ડમા દાખલ કરવા માટે અરજી, તા.૧૫/૦૫/૨૦૧૯ નોટરાઈઝ પેઢીનામુ,મરણનો દાખલો મે. સીટી સર્વે સુપ્રિટેડન્ટ સાહેબ રૂબરૂ રજુ કરવાથી સીટી સર્વેના રેકર્ડમા અનુક્રમ નં. ૬૬૬૭ થી તા.૨૦/૦૫/૨૦૧૯ ના રોજ વારસાઈ હકકની રૂઈએ નવા ધારણ કરનારાના કોલમમા પ્રવિણાબેન વિનુભાઈ પટેલ (પત્ની) તથા મનીષાબેન વિનુભાઈ પટેલ (પુત્રી) તથા શ્રી ડીમ્પલભાઈ વિનુભાઈ પટેલ (પુત્ર)ના સંયુકત નામ દાખલ કરી સદર એન્ટ્રી તા.૦૩/૦૭/૨૦૧૯ ના રોજ પ્રમાણીત કરવામા આવેલી છે.

(૨૪)..ત્યારબાદ મજકુર ફા.પ્લોટ નં.૨૫૪ પૈકી સબ પ્લોટ નં.૦૨ ની જમીન ઉપર આવેલ **"નવરંગ એપાર્ટમેન્ટ"** એ નામની સ્કીમના ફલેટો પૈકી થર્ડ ફલોરના ફલેટ નં.૦૩ (સીટી સર્વે નં. ૪૫૦૨/II) ની ૮૭.૩૫ સ.ચો.મીટર જમીન તથા તે ઉપર આવેલ ૮૯.૧૧ સ.ચો.મીટર બાંધકામવાળી મીલ્કત પૈકી પ્રવિણાબેન વિનુભાઈ પટેલ તથા મનીષાબેન વિનુભાઈ પટેલની વગર વહેચાયેલ ૨/૩ મા ભાગની મીલ્કતમાના તેમના હકક હિસ્સા રાજીખુશીથી શ્રી ડીમ્પલભાઈ વિનુભાઈ પટેલ ની તરફેણમા તા.૦૫/૦૭/૨૦૧૯ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ બીનઅવેજી હકક રીલીઝનો લેખ યાને ફારગતી લેખ અમદાવાદ શહેર વિભાગ-૩ (મેમનગર) ના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં. ૬૩૨૫ થી તે જ તારીખે નોંધાવી જતા યાને રીલીઝ કરેલા છે.મજકુર હકક રીલીઝના દસ્તાવેજની રૂઈએ સીટી સર્વેના રેકર્ડમા પ્રવિણાબેન વિનુભાઈ પટેલ તથા મનીષાબેન વિનુભાઈ પટેલના સંયુકત નામ કમી કરવા માટે મે.સીટી સર્વે સુપ્રિટેડન્ટ સાહેબ રૂબરૂ અરજી,ફારગતી લેખ,ઈન્ડેક્ષની નકલ રજુ કરવાથી સીટી સર્વેના રેકર્ડમા અનુક્રમ નં.૬૯૦૭ થી તા.૩૦/૦૮/૨૦૧૯ ના રોજ નામ કમી કરી સદર એન્ટ્રી તા.૧૬/૧૦/૨૦૧૯ ના રોજ પ્રમાણીત કરવામા આવેલી છે.ત્યારથી ફા.પ્લોટ નં.૨૫૪ પૈકી સબ પ્લોટ નં.૦૨ ની જમીન ઉપર આવેલ ફલેટો પૈકી થર્ડ ફલોરના ફલેટ નં.૦૩ (સીટી સર્વે નં.૪૫૦૨/II) ની ૮૭.૩૫ સ.ચો.મીટર જમીન તથા તે ઉપર આવેલ ૮૯.૧૧ સ.ચો.મીટર બાંધકામવાળી મીલ્કતનો

## સદર ફલેટ નં.૦૪ ની વિગત

(૨૫).. તેજ પ્રમાણે મજકુર જમીન ઉપર આવેલ **“નવરંગ એપાર્ટમેન્ટ”** એ નામથી ઓળખાતી ફલેટોની યોજનામા આવેલ ફલેટો પૈકી **સેકન્ડ** ફલોર ઉપર આવેલ ફલેટ નં.**૦૪** ને હાલ સીટી સર્વેના રેકર્ડ મુજબ ટી.પી.સ્કીમ નં.૧૯(મેમનગર) ના ફા.પ્લોટ નં.૨૫૪ પૈકીના સીટી સર્વે નં.**૪૫૦૦/II** ની **૮૭.૩૫** સ.ચો.મીટર “સી” સત્તા પ્રકારની જમીન કાંતાબેન વિઠ્ઠલદાસ પટેલના સ્વતંત્ર નામે ધારણ કરનાર તરીકે દાખલ કરવામા આવેલી.

(૨૬)..ત્યારબાદ મજકુર ફા.પ્લોટ નં.૨૫૪ પૈકી સબ પ્લોટ નં.૦૨ ની જમીન ઉપર આવેલ **“નવરંગ એપાર્ટમેન્ટ”** એ નામની સ્કીમના ફલેટો પૈકી સેકન્ડ ફલોરના ફલેટ નં.૦૪ (મ્યુની.ટેક્ષના રેકર્ડ પ્રમાણે) યાને ફલેટ નં.૦૫ (અગાઉના દસ્તાવેજ તથા રેવન્યુ રેકર્ડ પ્રમાણે) ની ૮૪.૫૮ સ.ચો.મીટર (સીટી સર્વેના રેકર્ડ પ્રમાણે ૮૭.૩૫ સ.ચો.મીટર) જમીન તથા તે ઉપર આવેલ ૮૪ સ.ચો.મીટર બાંધકામવાળી મીલ્કત તથા સદર સ્કીમમા મંજુર થયેલ પ્લાન મુજબ જે જે કોમન ફેસેલીટી મુકવામા આવેલ છે તે તમામ ફેસેલીટીઝ અન્ય માલીકો સાથે સહીયારી માલીકી હકકે વાપરવાના હકકો સહીતની મીલ્કત તેના માલીક કાંતાબેન વિઠ્ઠલભાઈ પટેલ પાસેથી શ્રી નિતીન ચંદુલાલ શાહ તથા પારૂલ નિતીન શાહે અમારી સ્વપાર્જીત જાત કમાણીની આવકના નાણામાંથી રકમો ચુકવી તા.૦૩/૦૯/૨૦૦૪ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અમદાવાદ શહેર વિભાગ-૩(મેમનગર) ના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૫૦૨૧ થી તા.૦૬/૦૯/૨૦૦૪ ના રોજ નોંધાવી કુલ અભરામ ન દાવે અધાટ વેચાણ રાખેલી છે.મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ સીટી સર્વેના રેકર્ડમા નવો ધારણ કરનારના કોલમમા શ્રી નિતીન ચંદુલાલ શાહ તથા પારૂલ નિતીન શાહના સંયુકત નામ દાખલ કરવા માટે મે.સીટી સર્વે સુપ્રિટેડન્ટ સાહેબ રૂબરૂ અરજી, વેચાણ દસ્તાવેજની નકલ, ઈન્ડેક્ષની નકલ રજુ કરવાથી સીટી સર્વેના રેકર્ડમા અનુક્રમ નં.૬૯૨૪ થી તા.૦૪/૦૯/૨૦૧૯ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૨૨/૧૦/૨૦૧૯ ના રોજ પ્રમાણીત કરવામા આવેલી છે.ત્યારથી ફા.પ્લોટ નં.૨૫૪ પૈકી સબ પ્લોટ નં.૦૨ ની જમીન ઉપર આવેલ ફલેટો પૈકી સેકન્ડ ફલોરના ફલેટ નં.૦૪ (સીટી સર્વે નં. ૪૫૦૦/II) ની ૮૭.૩૫ સ.ચો.મીટર જમીન તથા તે ઉપર આવેલ ૮૯.૧૧ સ.ચો.મીટર બાંધકામવાળી મીલ્કતનો સ્વતંત્ર માલીક તરીકે કબજો ભોગવટો શ્રી નિતીન ચંદુલાલ શાહ તથા પારૂલ નિતીન શાહ કરતા આવેલા હતા .

## સદર ફલેટ નં.૦૫ ની વિગત

(૨૭).. તેજ પ્રમાણે મજકુર જમીન ઉપર આવેલ **“નવરંગ એપાર્ટમેન્ટ”** એ નામથી ઓળખાતી ફલેટોની યોજનામા આવેલ ફલેટો પૈકી **થર્ડ** ફલોર ઉપર આવેલ ફલેટ નં.**૦૫** ને હાલ સીટી સર્વેના રેકર્ડ મુજબ ટી.પી.સ્કીમ નં.૧૯(મેમનગર) ના ફા.પ્લોટ નં.૨૫૪ પૈકીના સીટી સર્વે નં.**૪૫૦૨/III** ની **૮૭.૩૫** સ.ચો.મીટર “સી” સત્તા પ્રકારની જમીન મંગળાબેન અમૃતલાલ પટેલના સ્વતંત્ર નામે ધારણ કરનાર તરીકે દાખલ કરવામા આવેલી.

અમૃતલાલ પટેલ તથા શ્રી ધિરેન અમૃતલાલ પટેલે સીટી સર્વેના રેકર્ડમા તેમના સંયુકત નામ દાખલ કરવા માટે તા.૦૫/૦૧/૨૦૧૬ ના રોજ અરજી,સોગંદનામુ,મરણનો દાખલો વિગેરે મે.સીટી સર્વે સુપ્રિટેંડન્ટ સાહેબ રૂબરૂ રજુ કરવાથી સીટી સર્વેના રેકર્ડમા અનુક્રમ નં.૪૪૫૧ થી તા.૨૩/૦૨/૨૦૧૬ ના રોજ વારસાઈ હકકની રૂઈએ નવા ધારણ કરનારાના કોલમમા શ્રી અમૃતભાઈ રણછોડલાલ પટેલ તથા શ્રી દિલીપ અમૃતલાલ પટેલ તથા શ્રી ધિરેન અમૃતલાલ પટેલના સંયુકત નામ દાખલ કરી સદર એન્ટ્રી તા.૧૮/૦૫/૨૦૧૬ ના રોજ પ્રમાણીત કરવામા આવેલી છે.

(૨૯)..ત્યારબાદ મજકુર ફા.પ્લોટ નં.૨૫૪ પૈકી સબ પ્લોટ નં.૦૨ ની જમીન ઉપર આવેલ **"નવરંગ એપાર્ટમેન્ટ"** એ નામની સ્કીમના ફલેટો પૈકી થર્ડ ફલોરના ફલેટ નં.૦૫ (સીટી સર્વે નં. ૪૫૦૨/III) ની ૮૭.૩૫ સ.ચો.મીટર જમીન તથા તે ઉપર આવેલ ૮૯.૧૧ સ.ચો.મીટર બાંધકામવાળી મીલ્કત પૈકી શ્રી દિલીપ અમૃતલાલ પટેલ તથા શ્રી ધિરેન અમૃતલાલ પટેલની વગર વહેચાયેલ ભાગની મીલ્કતમાના તેમના હકક હિસ્સા રાજીખુશીથી શ્રી અમૃતલાલ રણછોડભાઈ પટેલની તરફેણમા તા. ૦૩/૧૦/૨૦૧૮ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ બીનઅવેજી હકક રીલીઝનો લેખ યાને ફારગતી લેખ અમદાવાદ શહેર વિભાગ-૩ (મેમનગર) ના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૯૮૪૫ થી તે જ તારીખે નોંધાવી જતા યાને રીલીઝ કરેલા છે.મજકુર હકક રીલીઝના દસ્તાવેજની રૂઈએ સીટી સર્વેના રેકર્ડમા શ્રી દિલીપ અમૃતલાલ પટેલ તથા શ્રી ધિરેન અમૃતલાલ પટેલના સંયુકત નામ કમી કરવા માટે મે.સીટી સર્વે સુપ્રિટેંડન્ટ સાહેબ રૂબરૂ અરજી,ફારગતી લેખ,ઈન્ડેક્ષની નકલ રજુ કરવાથી સીટી સર્વેના રેકર્ડમા અનુક્રમ નં.૬૯૨૫ થી તા.૦૪/૦૯/૨૦૧૯ ના રોજ નામ કમી કરી સદર એન્ટ્રી તા.૨૪/૧૦/૨૦૧૯ ના રોજ પ્રમાણીત કરવામા આવેલી છે.ત્યારથી ફા.પ્લોટ નં.૨૫૪ પૈકી સબ પ્લોટ નં.૦૨ ની જમીન ઉપર આવેલ ફલેટો પૈકી થર્ડ ફલોરના ફલેટ નં.૦૫ (સીટી સર્વે નં.૪૫૦૨/III) ની ૮૭.૩૫ સ.ચો.મીટર જમીન તથા તે ઉપર આવેલ ૮૯.૧૧ સ.ચો.મીટર બાંધકામવાળી મીલ્કતનો સ્વતંત્ર માલીક તરીકે કબજો ભોગવટો શ્રી અમૃતલાલ રણછોડભાઈ પટેલ કરતા આવેલા હતા.

(૩૦)..ત્યારબાદ મજકુર ફા.પ્લોટ નં.૨૫૪ પૈકી સબ પ્લોટ નં.૦૨ ની જમીન ઉપર આવેલ **"નવરંગ એપાર્ટમેન્ટ"** એ નામની સ્કીમના ફલેટો પૈકી થર્ડ ફલોરના ફલેટ નં.૦૫ (સીટી સર્વે નં. ૪૫૦૨/III) ની ૮૭.૩૫ સ.ચો.મીટર જમીન તથા તે ઉપર આવેલ ૮૯.૧૧ સ.ચો.મીટર બાંધકામવાળી મીલ્કત તથા સદર સ્કીમમા મંજુર થયેલ પ્લાન મુજબ જે જે કોમન ફેસેલીટી મુકવામા આવેલ છે તે તમામ ફેસેલીટીઝ અન્ય માલીકો સાથે સહીયારી માલીકી હકકે વાપરવાના હકકો સહીતની મીલ્કત તેના માલીક શ્રી અમૃતલાલ રણછોડભાઈ પટેલ પાસેથી શ્રી જીગ્નેશ અમૃતલાલ શાહે અમારી સ્વપાર્જીત જાત કમાણીની આવકના નાણામાંથી રકમો ચુકવી તા.૧૩/૧૨/૨૦૧૮ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અમદાવાદ શહેર વિભાગ-૩(મેમનગર) ના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૧૨૧૮૭ થી તે જ તારીખે નોંધાવી કુલ અભરામ ન દાવે અધાટ વેચાણ રાખેલી છે.મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ સીટી સર્વેના રેકર્ડમા નવો ધારણ કરનારના કોલમમા શ્રી જીગ્નેશ અમૃતલાલ શાહનુ સ્વતંત્ર નામ દાખલ કરવા માટે મે.સીટી સર્વે સુપ્રિટેંડન્ટ સાહેબ રૂબરૂ અરજી,વેચાણ દસ્તાવેજની નકલ,ઈન્ડેક્ષની નકલ રજુ કરવાથી સીટી સર્વેના રેકર્ડમા અનુક્રમ નં.૭૦૮૫ થી તા.૨૧/૧૦/૨૦૧૯ ના

(૩૧)..ત્યારબાદ મજકુર ફા.પ્લોટ નં.૨૫૪ પૈકી સબ પ્લોટ નં.૦૨ ની જમીન ઉપર આવેલ **"નવરંગ એપાર્ટમેન્ટ"** એ નામની સ્કીમના ફલેટો પૈકી થર્ડ ફલોરના ફલેટ નં.૦૫ (સીટી સર્વે નં. ૪૫૦૨/III) ની ૮૭.૩૫ સ.ચો.મીટર જમીન તથા તે ઉપર આવેલ ૮૯.૧૧ સ.ચો.મીટર બાંધકામવાળી મીલ્કત શ્રી જીગ્નેશ અમૃતલાલ શાહે "ડીસીબી બેંક લી." મા ગીરો મુકી રૂા.૨૫,૦૦,૦૦૦/- પુરાનો લોન લઈ તા.૧૮/૧૨/૨૦૧૮ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ ડીડ ઓફ મોર્ગેજનો દસ્તાવેજ અમદાવાદ શહેર વિભાગ-૩(મેમનગર) ના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૧૨૪૨૦ થી તે જ તારીખે નોંધાવી સદર બેંકની તરફેણમા કરી આપેલ છે.

(૩૨)..ત્યારબાદ મજકુર મીલ્કત અંગે તા.૦૩/૧૦/૨૦૧૮ ના રોજ અનુક્રમ નં.૯૮૪૫ થી નોંધાવી કરાવેલ ફારગતીના લેખમા ફલેટ નં.૦૫ દર્શાવેલ તેના બદલે ફલેટ નં.૦૩ દર્શાવવા બાબતેનો ચુક દુરસ્તી યાને સુધારાનો દસ્તાવેજ તેના માલીકો શ્રી દિલીપ અમૃતલાલ પટેલ વિગેરેએ શ્રી અમૃતલાલ રણછોડલાલ પટેલની તરફેણમા તા.૨૬/૦૨/૨૦૨૦ ના રોજ અમદાવાદ શહેર વિભાગ-૩ (મેમનગર) ના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં. ૧૯૩૩ થી તે જ તારીખે નોંધાવી કરી આપેલ છે.મજકુર સુધારાના લેખની નોંધ મજકુર મીલ્કતના સીટી સર્વેના રેકર્ડમા અગાઉ થર્ડ ફલોરના ફલેટ નં.૦૫ વાળી મીલ્કત લખાયેલુ હતુ તેના બદલે સુધારા દસ્તાવેજ મુજબ થર્ડ ફલોરનો ફલેટ નં.૦૩ લખ્યાની નોંધ અનુક્રમ નં.૮૧૮૦ થી તા.૦૬/૦૩/૨૦૨૧ ના રોજ કરી સદર નોંધ તા.૨૦/૦૫/૨૦૨૧ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૩૩)..ત્યારબાદ સદર વગર વહેચાયેલ જમીન સહીતની ફલેટ નં.૦૫ વાળી મીલ્કત અગાઉ તા.૧૮/૧૨/૨૦૧૮ ના રોજ "ડીસીબી બેંક લી." મા ગીરો મુકી રૂા.૨૫,૦૦,૦૦૦/- પુરાની લોન લીધેલ તે લોનની ચુકતે હિસાબેની રકમ શ્રી જીગ્નેશ અમૃતલાલ શાહે સદર બેંકમા ભરપાઈ કરી દેતા સદર બેંકે તા.૨૩/૦૭/૨૦૨૧ ના રોજ નો-ડયુઝ સર્ટીફીકેટ આપી મજકુર વગર વહેચાયેલ જમીન સહીતની ફલેટ નં.૦૫ વાળી મીલકત અંગેનો મોર્ગેજ રીલીઝનો દસ્તાવેજ સદર બેંકે શ્રી જીગ્નેશ અમૃતલાલ શાહની તરફેણમા તા.૧૨/૦૮/૨૦૨૧ ના રોજ અમદાવાદ શહેર વિભાગ-૩(મેમનગર) ના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૭૨૧૦ થી તે જ તારીખે નોંધાવી સદર સદર મીલ્કત તારણમાંથી મુકત યાને રીલીઝ કરી આપેલ છે.

**<u>સદર ફલેટ નં.૦૬ ની વિગત</u>**

(૩૪)..ત્યારથી મજકુર જમીન ઉપર આવેલ **"નવરંગ એપાર્ટમેન્ટ"** એ નામથી ઓળખાતી ફલેટોની યોજનામા આવેલ ફલેટો પૈકી **થર્ડ** ફલોર ઉપર આવેલ ફલેટ નં.**૦૬** ને હાલ સીટી સર્વેના રેકર્ડ મુજબ ટી.પી.સ્કીમ નં.૧૯(મેમનગર) ના ફા.પ્લોટ નં.૨૫૪ પૈકીના સીટી સર્વે નં.**૪૫૦૦/III** ની **૮૭.૩૫** સ.ચો.મીટર "સી" સત્તા પ્રકારની જમીન શ્રી અશોકકુમાર કેશવલાલ મહેતાના સ્વતંત્ર નામે ધારણ કરનાર તરીકે દાખલ કરવામા આવેલી.

મુજબ જે જે કોમન ફેસેલીટી મુકવામા આવેલ છે તે તમામ ફેસેલીટીઝ અન્ય માલીકો સાથે સહીયારી માલીકી હકકે વાપરવાના હકકો સહીતની મીલ્કત તેના માલીક શ્રી અશોકકુમાર કેશવલાલ મહેતાએ શ્રી સેવંતીલાલ કેશવલાલ મહેતાને તા.૦૬/૦૩/૨૦૧૭ ના રોજ જરૂરી સ્ટેમ્પ પેપર ઉપર રીતસરનો રજીસ્ટર્ડ બક્ષીસ લેખ અમદાવાદ શહેર વિભાગ-૩(મેમનગર) ના મે. સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૧૪૩૨ થી તે જ તારીખે નોંધાવી કુલ અભરામ ન દાવે અધાટ બક્ષીસ આપેલી છે.પરંતુ મજકુર બક્ષીસ લેખના સીટી સર્વે નંબર તથા વગર વહેચાયેલ જમીનના ક્ષેત્રફળમા ભુલ હોઈ તે અંગેનો સાચો સીટી સર્વે નં.**૪૫૦૦-III** તથા વગર વહેચાયેલ ૮૭.૩૫ સ.ચો.મીટર જમીન દર્શાવવા બાબતેનો સુધારો કરવા માટેનો રીતસરનો રજીસ્ટર્ડ સુધારાનો લેખ શ્રી અશોકભાઈ કેશવલાલ મહેતાના કુલ મુખત્યાર તરીકે શ્રી કેયુર સેવંતીલાલ મહેતાએ શ્રી સેવંતીલાલ કેશવલાલ મહેતાની તરફેણમા જરૂરી સ્ટેમ્પ પેપર ઉપર તા.૦૩/૦૯/૨૦૧૯ ના રોજ અમદાવાદ શહેર વિભાગ-૩ (મેમનગર) ના મે. સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૮૩૯૬ થી તે જ તારીખે નોંધાવી કરી આપેલ છે.મજકુર વેચાણ દસ્તાવેજ તથા સુધારાના લેખની રૂઈએ સીટી સર્વેના રેકર્ડમા નવો ધારણ કરનારના કોલમમા શ્રી સેવંતીલાલ કેશવલાલ મહેતાનુ સ્વતંત્ર નામ દાખલ કરવા માટે મે. સીટી સર્વે સુપ્રિટેડન્ટ સાહેબ રૂબરૂ અરજી,વેચાણ દસ્તાવેજની નકલ,સુધારાના દસ્તાવેજની નકલ,ઈન્ડેક્ષની નકલ રજુ કરવાથી સીટી સર્વેના રેકર્ડમા અનુક્રમ નં. ૭૦૯૭ થી તા.૦૪/૧૧/૨૦૧૯ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા. ૨૦/૧૨/૨૦૧૯ ના રોજ પ્રમાણીત કરવામા આવેલી છે.ત્યારથી ફા.પ્લોટ નં.૨૫૪ પૈકી સબ પ્લોટ નં.૦૨ ની જમીન ઉપર આવેલ ફલેટો પૈકી થર્ડ ફલોરના ફલેટ નં. ૦૬ (સીટી સર્વે નં.૪૫૦૦/III) ની ૮૭.૩૫ સ.ચો.મીટર જમીન તથા તે ઉપર આવેલ ૮૯.૧૧ સ.ચો.મીટર બાંધકામવાળી મીલ્કતનો સ્વતંત્ર માલીક તરીકે કબજો ભોગવટો શ્રી સેવંતીલાલ કેશવલાલ મહેતા કરતા આવેલા હતા.

## સદર પગીરૂમની વિગત

(૩૬).. મજકુર જમીન ઉપર આવેલ **"નવરંગ એપાર્ટમેન્ટ"** એ નામથી ઓળખાતી ફલેટોની ગ્રાઉન્ડ ફલોર ઉપર આવેલ પગીની રૂમને હાલ સીટી સર્વેના રેકર્ડ મુજબ ટી.પી. સ્કીમ નં.૧૯(મેમનગર) ના ફા.પ્લોટ નં.૨૫૪ પૈકીના સીટી સર્વે નં. **૪૫૦૧** ની **૮.૯૩** સ.ચો.મીટર જમીન તથા તે ઉપર બાંધવામા આવેલ આશરે- **૧૧.૫૫** સ.ચો.મીટર બાંધકામવાળી મીલકત શ્રી રમેશચંદ્ર નટવરલાલ પટેલ તથા શ્રી ડીમ્પલભાઈ વિનુભાઈ પટેલ તથા શ્રી નિતીન ચંદુલાલ શાહ તથા પારૂલ નિતીન શાહ તથા શ્રી જીજ્ઞેશ અમૃતલાલ શાહ તથા શ્રી સેવંતીલાલ કેશવલાલ મહેતા તથા કિન્નરીબેન સુરેશચંદ્ર પટેલની દિકરી તે મેહુલભાઈ પટેલના પત્નીના સંયુકત નામે ધારણ કરનાર તરીકે દાખલ કરવામા આવેલી છે.

(૩૭)..ત્યારબાદ મજકુર સર્વે નં.૧૮૪/૧-૨ તથા સર્વે નં.૧૭૯/૨ ની જમીનના ટી.પી.સ્કીમ નં. ૧૯ ના ફા.પ્લોટ નં.૨૫૪ ની જમીનના સબ પ્લોટ નં.૦૨ ની આશરે- ૫૦૫.૮૩ સ.ચો.મીટર યાને આશરે- ૬૦૭ સ.ચો.વાર બીનખેતીના ઉપયોગવાળી જમીન પૈકીના હાલના સીટી સર્વેના રેકર્ડ મુજબ ટી.પી.સ્કીમ નં.૧૯(મેમનગર) ના ફા.પ્લોટ નં.૨૫૪ પૈકીના સીટી સર્વે નં.**૪૫૦૦/I** ની

જમીન તથા તે ઉપર આવેલ બાંધકામવાળી મીલકત તેના અગાઉના ઉપર મુજબના માલીકો પાસેથી તમો પેઢીએ તા.૨૫/૧૦/૨૦૨૧ ના રોજ રીતસરના અલગ અલગ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજો અમદાવાદ શહેર વિભાગ-૩, મેમનગરના મે. સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં. ૯૭૩૯,૯૭૪૧,૯૭૫૧.૯૭૪૭,૯૭૪૩,૯૭૪૫ તથા ૯૭૪૯ થી તેજ તારીખે નોંધાવી કુલ અભરામ ન દાવે અઘાટ વેચાણ રાખેલી. મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ મજકુર તમામ સીટી સર્વે નં. ૪૪૯૯, ૪૫૦૦ ,૪૫૦૦/૧, ૪૫૦૦/૨, ૪૫૦૦/૩, ૪૫૦૧, ૪૫૦૨, ૪૫૦૨/૧,૪૫૦૨/૨ તથા ૪૫૦૩/૩ના રેકર્ડમાં ધારણકર્તાના કોલમમાં તમો "કાપડીયા કોર્પોરેશન" એ નામની ભાગીદારી પેઢીના વહીવટકર્તા કૌશીકભાઈ કુમુદચંદ્ર કાપડીયાનુ સ્વતંત્ર નામ તા.૧૨/૧૧/૨૦૨૧ ના રોજ અનુક્રમ નં. ૮૮૦૧,૮૮૦૪, ૮૮૦૫, ૮૮૦૬, ૮૮૦૭, ૮૮૦૨, ૮૮૦૩ તથા ૮૮૦૮ થી દાખલ કરી સદર એન્ટ્રી તા.૨૩/૧૨/૨૦૨૧ ના રોજ શીરસ્તેદાર દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૩૮).. ત્યારબાદ તમો પેઢીએ મજકુર તમામ સીટી સર્વે નં. ૪૪૯૯,૪૫૦૦,૪૫૦૦/૧, ૪૫૦૦/૨, ૪૫૦૦/૩, ૪૫૦૧, ૪૫૦૨, ૪૫૦૨/૧,૪૫૦૨/૨ તથા ૪૫૦૩/૩ ની મીલ્કતનો એકજ સીટી સર્વે નંબર યાને એકત્રીકરણ કરવા માટે મે. સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટ-૧ અમદાવાદની કચેરીમાં તા. ૧૬/૧૨/૨૦૨૧ ના રોજ અરજી કરતા મે. સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટ-૧ અમદાવાદે તેમના હુકમ નં.સીટીએસ/ટી.પી.૧૯ મેમનગર/એકત્ર/સીટીસર્વે નં.૪૪૯૯ વિગેરે/૨૦૨૨ થી તા. ૨૨/૦૨/૨૦૨૨ ના રોજ હુકમ કરી મજકુર તમામ સીટી સર્વે નંબરોના કાર્ડ કમી કરી સદર જમીનના ક્ષેત્રફળ સીટી સર્વે નં. ૪૪૯૯ માં ઉમેરતા સીટી સર્વે નં. ૪૪૯૯ ના ક્ષેત્રફળનો સરવાળો કરતા કુલ ક્ષેત્રફળ ૫૦૬.૯૮ સ.ચો.મીટર કરવા હુકમ કરેલ છે. મજકુર હુકમના આધારે અમો લખી આપનારા પેઢીએ સીટી સર્વેના રેકર્ડમાં જરૂરી નોંધ પડાવવાની કાર્યવાહી કરેલ છે.

(૩૯)..ત્યારબાદ મજકુર એકત્ર સીટી સર્વે નં. ૪૪૯૯ ( જુના સીટી સર્વે નં. ૪૪૯૯, ૪૫૦૦, ૪૫૦૦/૧, ૪૫૦૦/૨,૪૫૦૦/૩, ૪૫૦૧, ૪૫૦૨, ૪૫૦૨/૧,૪૫૦૨/૨ તથા ૪૫૦૩/૩) ની ૫૦૬.૯૮ સ.ચો.મીટર રહેણાંક હેતુ માટેની બીનખેતીના ઉપયોગવાળી જમીનમા રહેણાંક હેતુ માટેનુ બાંધકામ કરવા માટેના પ્લાન તૈયાર કરાવી મંજુર કરાવવા અર્થે અમદાવાદ મ્યુની.કોર્પોરેશનની કચેરીમા મુકતા અમદાવાદ મ્યુની.કોર્પોરેશનના મે.આસીસટન્ટ ટાઉન ડેવલપમેન્ટ ઓફીસર સાહેબે,તેમના કેસ નં.**BLNTS/WZ/310122/CGDCRV/A5640/RO/M1** થી તા. ૦૨/૦૩/૨૦૨૨ ના રોજ ગ્રાઉન્ડ ફલોર પાર્કીંગ ,સીક્યુરીટી રૂમ તથા ફસ્ટ ફલોર થી સેવન્થ ફલોર સુધી કુલે- ૭ ફલેટો તથા તે ઉપર સ્ટેર કેબીન તેમજ લીફટ મળી કુલે- ૦૭ રહેણાંક યુનીટના પ્લાન મંજુર કરી રજાચિઠ્ઠી નં.**05816/310122/A5640/RO/M1** થી તા.૦૨/૦૩/૨૦૨૨ ના રોજ મળી કુલે-૦૭ રહેણાંક યુનીટો યાને એપાર્ટમેન્ટનુ બાંધકામ ૧૯૩૧.૧૭ સ.ચો.મીટર (પરમીસેબલ + ચાર્જેબલ) બીલ્ટઅપ એરીયા પ્રમાણે કરવાનુ નકકી કરેલુ.

ત્યારથી સર્વે નં.૧૮૪/૧-૨ તથા સર્વે નં.૧૭૯/૨ ની જમીનના ટી.પી.સ્કીમ નં. ૧૯ ના ફા.પ્લોટ નં.૨૫૪ ની જમીનના સબ પ્લોટ નં.૦૨ ની ૫૦૫.૮૩ સ.ચો.મીટર બીનખેતીના ઉપયોગવાળી

પેઢીની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની તથા કોઈપણ પ્રકારના બોજા રહીત હોવાનુ જણાઈ આવે છે તથા સદર જમીન અંગે કોઈનો કોઈપણ પ્રકારનો લાગ- ભાગ,હકક,હીસ્સો કે હિત સંબંધ રેકર્ડ જોતા જણાઈ આવેલ નથી એ રીતે સદર જમીનના રાઈટસ ટાઈટલ્સ કલીયરન્સ અને માર્કેટેબલ હોવાનુ રેકર્ડ જોતા અમો આથી અભિપ્રાય આપીએ છીએ.

આજ તા.૦૭ માહે માર્ચ સને- ૨૦૨૨ ના દીને શહેર અમદાવાદ મુકામે.

N. K. PATEL * ADVOCATE * G/425/1977

---------------------------------

(શ્રી એન.કે.પટેલ એડવોકેટ)